જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૧૦/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૨૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૯૬ લીટર દેશી દારૂ, ૧૫૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૦ બિયર ટીન અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૫૨૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૫૨૨/૨૦૨૬**

ગાયકવાડ હવેલીઃ મોહંમદજુનેદ સ/ઓ જહિરૂદ્દીન સૈયદ (ઉ.વ.૩૯) (રહે. કાદરી સાહેબની ચાલી રાયખડ) એ તા.૨૭/૧૦/૨૦૨૬ ના રોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૦/૨૦૨૬ ના રોજ મોહંમદજુનેદ સૈયદ નાઓના મોબાઈલ ફોન ઉપર ONE CARD નામની એપ્લીકેશનની લીંક આવતા જે લીંક ખોલતા તા.૨૧/૧૦/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન મોહંમદજુનેદ સૈયદના એસ.બી.આઈ. બેંકના ક્રેડીટકાર્ડ દ્વારા અજાણી વ્યક્તિએ અનુક્રમે (૧)૧,૭૯,૯૦૦/– (૨)૯૯,૯૦૦/– અને (૩) ૨૧,૪૦૦/– ઓનલાઈન ટ્રાન્ઝેકશન કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.આર.ઝાલા ચલાવે છે.

નરોડાઃ પાર્થ સ/ઓ ચન્દ્રકાંત પટેલ (ઉ.વ.૩૬) (રહે. પુષ્પધંવા બંગ્લોઝ આઈ.ટી.સી.નર્મદાની બાજુમાં વસ્ત્રાપુર) એ તા.૨૭/૧૦/૨૦૨૬ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૨૪ થી તા.૧૮/૦૬/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન પાર્થ પટેલ નાઓની નરોડા જી.આઈ.ડી.સી. પ્લોટ નંબર ૧૮૨/૧૩/૧૪, પ્રીમીયમ એંજીનીયરીગ મેનીફેચરીંગ કંપની ખાતે કામ કરતા આરોપી ચિરાગ કનુભાઈ પટેલ (રહે. સ્વાગત સોસાયટી વસ્ત્રાલ) એ પ્રીમીયમ એંજીનીયરીગ મેનીફેચરીંગ કંપની ખાતે કંપનીના માલના બજાર ભાવ કરતા ઉંચા ભાવ ભરી તમામ બીલ પાસ કરાવી જે બિલની રકમ ૮,૬૦,૦૦૫/– ચિરાગ કનુભાઈ પટેલ તેમજ તેઓના મળતીયા માણસોના બેંક ખાતામાં મેળવી લઈ વિશ્વાસઘાત કરી નાણાંકીય ઉચાપત કરી કંપની સાથે છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી મોતીભાઈ તળજાભાઈ ચલાવે છે.

વટવા જીઆઈડીસીઃ શાકભાજી વેચવાનો ધંધો કરતા અમરતભાઈ લક્ષ્મણભાઈ વઢિયારી (ઉ.વ.૬૦) (રહે. ઈ.ડબલ્યુ.એસ. ક્વાટર ત્રિકમપુરા પાટીયા પાસે) એ તા.૨૭/૧૦/૨૦૨૬ ના રોજ વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૧૦/૨૦૨૬ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન હિરાભાઈ ટાવર ઉત્તમનગર ખાતે અમરતભાઈ વઢિયારી નાઓને PAYTM ના કર્મચારી તરીકે ઓળખ આપી અજાણ્યા પુરૂષે અમરતભાઈ વઢિયારીના મોબાઈલ ફોનમાં PAYTM ના ઈ–KYC કરી આપવાના બહાના હેઠળ અમરતભાઈ વઢિયારીનાઓનો મોબાઈલ ફોન મેળવી તેમજ પાસવર્ડ જાણી લઈ PAYTM એપમાંથી કુલ રૂપિયા ૨૧,૦૦૦/– અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.એમ.પરમાર ચલાવે છે.

વસ્ત્રાપુરઃ વૃષ્ટી ડો/ઓ શૈલેષભાઈ પટેલ (ઉ.વ.૨૪) (રહે. રત્નમણી કોમ્પ્લેક્ષ ગુલાબ ટાવર રોડ પાસે થલતેજ) એ તા.૨૭/૧૦/૨૦૨૬ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૯/૨૦૨૬ થી તા.૦૫/૧૦/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન વસ્ત્રાપુર થલતેજ પેલેડિયમ મોલ પાસે તથા રાણીપ ડી-માર્ટ ખાતે આરોપી (૧) અક્ષેશ દિનેશભાઈ પંચાલ (રહે.રાણીપ) તથા (૨) મોહિત રાજપુત નાઓએ વૃષ્ટી પટેલના બે ક્લાયન્ટને ઓગણજ વિવાંઝા બાય ગોપી ફાર્મ ખાતે વોટર સ્ટોલ અપાવી આપવાની ખાતરી આપી વિશ્વાસમાં લઈ તેમની પાસેથી કુલ રૂપિયા ૪,૭૫,૦૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.વી.રબારી ચલાવે છે.

આનંદનગરઃ ચિંતનભાઇ સતીષભાઇ શાહ (ઉ.વ.૩૭) (રહે. શિવાલય એપાર્ટમેન્ટે સોલા રોડ નારણપુરા) એ તા.૨૭/૧૦/૨૦૨૬ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે જુન-૨૦૨૪ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન સેટેલાઇટ જોધપુર ગામ વેદાંત ઇન્ટરનેશનલ સ્કુલ ખાતે દેવલ હેમંતકુમાર જોષી (રહે. નારાયણકુંજ સોસાયટી જુની પોસ્ટ ઓફીસ પાસે ખોખરા તથા ઓફીસ- ૩૩૩ સેફરોન બિઝનેશ પાર્ક જશોદાનગર ચાર રસ્તા પાસે) એ વિઝા એજન્ટ તરીકેની ઓળખ આપી વર્ક પરમીટ વિઝા અપાવવાની વાતચીત કરી વિશ્વાસ કેળવી ચિંતનભાઈ શાહ પાસેથી રૂપિયા ૧૬,૬૫,૦૦૦/- મેળવી લઈ જેમાંથી કમિશન અને ખર્ચ બાદ કરતા રૂપિયા ૧૧,૬૫,૦૦૦/- પરત નહી આપી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઈ.શ્રી યુ.એચ.જાડેજા ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ (૧) હાર્દીક દિનેશભાઈ ભટ્ટ (ઉ.વ.૪૫) (રહે. શ્યામ શરલ એપાર્ટમેન્ટ મારૂતી કટારીયા વર્ક શોપ પાસે ત્રાગડ) એ તા.૨૭/૧૦/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૧/૨૦૨૬ થી તા.૨૪/૧૦/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાયાન અજાણી વ્યક્તિએ સાદા કોલ કરી તેમજ અલગ-અલગ વોટ્સએપ નંબર મારફતે વાતચીત અને ચેટીંગ કરી Trust Coin નામની કંપનીમાં રોકાણ કરવાથી ફાયદો થવાની લાલચ આપી હાર્દિક ભટ્ટ પાસેથી અલગ-અલગ ખાતામાં નાણાં ટ્રાન્સફર કરાવી મેળવી લીધા હતા. ત્યારબાદ કરેલ રોકાણના નાણાં પરત મેળવવા માટે ટેક્ષ-પે કરવા અને વોલેટ એડ્રેસ ચેન્જ કરવાના અલગ-અલગ બહાને કુલ રૂપિયા ૯૦,૨૧,૧૦૧/- મેળવી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.એચ.મકવાણા ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ (૨) સોનીકા ડો/ઓ રાજકુમાર જૈન (ઉ.વ.૩૫) (રહે. લક્ષ્મીવીલા ગ્રીન સેલ્બી હોસ્પીટલ પાસે હરીદર્શન નવા નરોડા) એ તા.૨૭/૧૦/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૦/૨૦૨૬ ના રોજ વોટ્સએપ નંબર ૮૪૬૬૯૪૯૬૩૩ ના ધારકે ઓનલાઈન માધ્યમથી Notice from Tax Departmen(Oct).zip નામની ઈન્કમટેક્સ ડીપાર્ટમેન્ટના નામની બનાવટી માલવેરવાળી ફાઈલ મોકલી ખોટો ઈલેક્ટ્રોનિક રેકોર્ડ બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી સોનીકા જૈનની કોમ્પ્યુટર સીસ્ટમને હેક કરી તેનો એક્સેસ મેળવી સીસ્ટમમાં લોગીન રહેલ સોનીકા જૈનના વોટ્સએપ વેબમાં પ્રવેશ કરી સોનીકા જૈનના વોટ્સએપમાં લેટીસ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ નામની કંપનીના ડાયરેક્ટર નાઓના મોબાઈલ નંબરની જગ્યાએ મોબાઈલ નંબર ૮૪૬૬૯૪૯૬૩૩ બદલી કંપનીના ડાયરેક્ટરનો ઓરીજનલ મોબાઈલ નંબર સોનીકા જૈનના વોટ્સએપમાં બ્લોક કરી તેઓની કંપનીના ડાયરેક્ટર તરીકેની ખોટી ઓળખ ધારણ કરી સોનીકા જૈન સાથે વોટ્સએપમાં ચેટીંગ કરી સોનીકા જૈનને બેંક ઓફ ઈન્ડિયાના ખાતાની વિગતો મોકલી તે બેંક ખાતામાં સોનીકા જૈન પાસે રૂપિયા ૮૦,૦૦,૦૦૦/- ટ્રાન્સફર કરાવી વિશ્વાસઘાત છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.એન.પટેલ ચલાવે છે.

ક્રાઈમ બ્રાન્ચઃ હિમાંશુ કપીલભાઇ સિસોદીયા (ઉ.વ.૩૯) (રહે. આર.એન.પ્રાઇડ ગોતા વંદે માતરમ ચોક પાસે) એ તા.૨૭/૧૦/૨૦૨૬ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૦૧/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન બોડકદેવ ઝાયડસ હોસ્પિટલ રોડ ટ્રીનીટી કોમ્પલેક્ષ શો–રુમ ખાતે આરોપી રિતેશ રાજેન્દ્ર જૈન (રહે. એન–૨૦ નવીન સાદરા દિલ્લી–૩૨, હાલ રહે. ગુડગાંવ હરીયાણા) નાઓએ સત્તાનો દુરઉપયોગ કરી હિમાંશુ સિસોદીયા નાઓની કંપનીમાંથી સ્પોર્ટસના માલ–સામાન કિમત રૂપિયા ૨૨,૦૬,૨૭૨/– વેચાણ કરી હિસાબ નહી આપી તેમજ વેચાણની રકમ કંપનીમાં જમા નહી કરાવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ ક્રાઇમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા યુનિટ–૪ પો.સ.ઇ.શ્રી ડી.ડી.સોલંકી ચલાવે છે.

શાહીબાગઃ કુલદીપ રાજેન્દ્રકુમાર શર્મા (ઉ.વ.૪૮) (રહે. રજનીગંધા ટાવર સુજાતા ફ્લેટ પાસે શાહીબાગ) એ તા.૨૭/૧૦/૨૦૨૬ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧૦/૨૦૨૬ બપોરના ૦૧/૦૦ થી ૦૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યકિતએ કુલદીપ શર્માનાઓનો મોબાઇલ ફોન હેક કરી એકસેસ મેળવી કુલદીપ શર્મા તથા તેમની પુત્રીના બેંક ખાતાઓમાંથી મળી કુલ રૂપિયા ૨,૩૩,૩૩૧/– ઓનલાઇન ટ્રાન્જેકશન મારફતે મેળવી લઇ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.એચ.સિંઘવ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૧૫૨૩/૨૦૨૬**

નરોડાઃ કૈલાશબેન તે હરેશદાન સમરતદાન ગઢવી નાઓની વિધવા પત્નિ (રહે.શિવાલય સોસાયટી ગોકુલધામ સોસાયટી પાસે કઠવાડા રોડ નરોડા) એ તા.૨૭/૧૦/૨૦૨૬ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૦/૨૦૨૬ બપોરના ૦૧/૪૫ વાગ્યા થી તા.૧૫/૧૦/૨૦૨૬ બપોરના ૦૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યકિત પ્રવેશ કરી સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૨૦,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આર.ચૌધરી ચલાવે છે.

સોલા હાઈકોર્ટઃ મૌલીક પ્રહલાદભાઇ પટેલ (રહે. હરીદર્શન એવન્યુ શાંતિ પુંજની બાજુમાં સોલા) એ તા.૨૭/૧૦/૨૦૨૬ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૦/૨૦૨૬ કલાક ૦૨/૦૦ થી કલાક ૦૭/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ભાડજ એવર ગ્રીન પાર્ટી પ્લોટની બાજુમાં ધ સેવન વેવ્સ રેસ્ટ્રો એન્ડ કેફે નામની રેસ્ટોરન્ટનો પાછળનો લોખંડની જાળીનો નકુચો તોડી અજાણી વ્યકિત રેસ્ટોરન્ટમાં પ્રવેશ કરી રેસ્ટોરન્ટના રસોડામાંથી તથા સ્ટોરરૂમમાંથી રસોડાનો સામાન તથા ઇલેકટ્રીક સામાન કિમત રૂપિયા ૧,૫૮,૦૦૦ /– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૧૫૨૪/૨૦૨૬**

ચાંદખેડાઃ રાહુલ મહાત્માનંદ ભાટી (રહે. હાર્દીક ટેનામેન્ટ સામે શરણ–૨ પાછળ ચાંદખેડા) એ તા.૨૭/૧૦/૨૦૨૬ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૧૦/૨૦૨૬ કલાક ૨/૩૦ થી ૩/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે આવેલ મહેમાન નાઓના બે મોબાઈલ ફોન તેમજ રોકડ રૂપિયા ૧૪,૦૦૦/– મળી કુલ રૂપિયા ૪૧,૯૯૯/– મતાની કોઇ અજાણી વ્યકિત ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એસ.પરમાર ચલાવે છે.

દાઝી જતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૫૨૫/૨૦૨૬**

રામોલઃ લક્ષ્મીબહેન વા/ઓ સોહનસિંહ ગડરીયા (ઉ.વ.૭૮) (રહે. પુષ્પ મહાદેવ દુન સ્કુલ પાસે ન્યુ મણીનગર રામોલ) તા.૨૪/૧૦/૨૦૨૬ સવારના ૯/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે બાલ્કનીમાં તુલસીના ક્યારા ઉપર દિવો પ્રગટાવી તુલસી ક્યારામાં પાણી નાખવા ગયા હતા ત્યારે પહેરેલ કપડાને ઝાળ લાગતા સળગી જતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને મણીનગર કેર એન્ડ ક્યોર હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૭/૧૦/૨૦૨૬ કલાક ૦૩/૫૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જેરામભાઇ વાલજીભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૫૨૬/૨૦૨૬**

દરીયાપુરઃ નૌસીનાબાનુ અબ્દુલમજીદ કુરેશી (૩.૫.૧૯) (રહે. ઝમઝમ ફ્લેટ માઢનો મહોલ્લો ચારવાટ દરીયાપુર) એ અગમ્ય કારણસર તા.૨૭/૧૦/૨૦૨૬ સવારના ૧૧/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દરીયાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હીદાયતુલ્લા અમાનુલ્લા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી